ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૨.૦ ડીગ્રી
લઘુતમ : ૨૮.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૭ ટકા ● સાંજે ૯૬ ટકા

# શહેરમાં નાગપાંચમ માટે 'ખાજા' ખડકાયા

ગાંધીનગર, તા.૬

પવિત્ર શ્રાવણ માસ એટલે તહેવારોને લઈને આવતો મહિનો રક્ષાબંધન અને સાતમ-આઠમ આ મહિનાના તહેવારોનું આકર્ષણનું કેન્દ્ર છે. તે સાથે જ વિવિધ દિવસોએ થતી પૂજા પણ મહત્વની ગણાય છે. આઠમની પહેલા ચોથી લઈને સાતમ સુધી હિન્દુ સંસ્કૃતિમાં અલગ અલગ રીતે પૂજન કરવાનું વર્ણન કરવામાં આવ્યું છે. બોળ ચોથના દિવસે ગાય માતાની પૂજા, નાગપાંચમના દિવસે નાગદેવતાની પૂજા, સાતમના દિવસે શીતળા માની પૂજા અને આઠમના દિવસે શ્રી કૃષ્ણ ભગવાન ભક્તિ પૂજા કરવાનો અનેરો મહિમા છે.

દર વર્ષે આ તહેવારોની ઉજવણી ખૂબ ધામધૂમથી નગરમાં કરવામાં આવે છે. બોળચોથ ના દિવસે ગાય માતાની પૂજા કર્યા બાદ નાગપાંચમના દિવસે નાગદેવની પૂજા કરીને ઠંડુ ખાવાનો મહિમા હિન્દુ સંસ્કૃતિમાં વર્ણવાયો છે. ત્યારે આ દિવસે નગરમાં સૌથી વધુ ખાજાનું વેચાણ થાય છે. એટલે કે નાગપાંચમે ખાજા ખાવાનું અનેરૂ મહત્વ છે. દર વર્ષે લગભગ ૫૦ લાખથી વધુ રૂપિયાના ખાજાનું વેચાણ નગરમાં થાય છે. નાગપાંચમને હવે એક જ દિવસની વાર છે ત્યારે આ વર્ષે પણ નગરના ફરસાણની દુકાનોમાં ઠેર ઠેર અલગ-અલગ પ્રકારના ખાજા જોવા મળી રહ્યા છે.

જેમાં શુદ્ધ ઘી અને તેલના ગળ્યા ખાજા, તેલના તિક્ખા, ઘી અને તેલના મોળા ખાજા એમ અલગ-અલગ પ્રકારના ખાજા નગરની ફરસાણ અને મીઠાઈની દુકાનમાં વેચાણમાં છે. ૨૦૦ રૂપિયાથી લઈને ૫૨૦ રૂપિયા સુધીના ખાજા નગરમાં વેચાઈ રહ્યા છે. જેમાં શુદ્ધ ઘી ના ગળ્યા ખાજા ૫૨૦ રૂપિયા ના કિલો, તેલના ગળ્યા અને તીક્ખા ખાજા ૨૪૦ રૂપિયા કિલો, મરી વાળા પણ ૨૨૦ થી ૨૪૦ રૂપિયાના કિલો તથા મોળા ઘી અને તેલ ના ખાજા ૨૦૦-૨૪૦ રૂપિયા કિલોની આસપાસ વેચાઈ રહ્યા છે.

## ચાલીસ ટકા ઓછા બનાવડાવ્યા

આ વર્ષે કોરોનાને કારણે પાછળના તમામ તહેવાર પાછળના વર્ષને હિસાબે ફિક્કા રહ્યા ત્યારે હવે પાંચમના દિવસે દર વર્ષ ની જેમ ખાજા નગરમાં વેચાશે તો ખરા પણ નગરના ફરસાણ અને મીઠાઈના વેપારીઓના જણાવ્યા મુજબ આ વર્ષે ખાજા ગત વર્ષ કરતાં પ્રમાણમાં ચાલીસ ટકા ઓછા બનાવ્યા છે. તેઓના જણાવ્યા મુજબ કોરોનાને કારણે નગરજનોની અવરજવર ઓછી થઈ ગઈ છે અને પાછળના તહેવારના અનુભવ મુજબ પાંચમ નિમિત્તે ખાજા માપ સર જ બનાવ્યા છે.



## ગાંધીનગર-૧૮૧ અભયમ્ કાઉન્સેલરને બેસ્ટ કેસ સોલ્વ કરવા બદલ એવોર્ડથી સન્માનિત કરાયા




ગાંધીનગર, તા.૬

૧૮૧ અભયમ્ હેલ્પલાઈન ટીમ હરહંમેશ જિલ્લામાં મહિલાને લગતા પ્રશ્નોનું સુખદ સમાધાન કરવામાં વિશિષ્ટ કામગીરી બજાવવામાં અગ્રેસર રહેવા પામી છે. સુખદ સમાધાન સાથે સમસ્યાનો ઉકેલ લાવવામાં ગાંધીનગર ૧૮૧ કાઉન્સેલર દિપીકા ચૌહાણને બેસ્ટ કેસ સોલ્વ કરવા બદલ એવોર્ડ જી.વી.કે. દ્વારા એનાયત કરવામાં આવ્યો હતો. જેમાં ૧૮૧ પ્રોજેક્ટ કો. ઓર્ડિનેટર ફાલ્ગુનીબેન પટેલ, ગાંધીનગર ડબલ્યુ.સી.ડી. નીતાબેન તેમજ ૧૦૮ના ઈ.એમ.ટી. અક્ષયભાઈ પંચાલના હસ્તે બેસ્ટ કેસ સોલ્વ એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

## વાવોલમાં રામમંદિર ભૂમિપૂજનને વધાવાયું



ગાંધીનગર, તા.૬

અયોધ્યામાં રામજન્મભૂમિ પર રામમંદિર ભૂમિપૂજન કરવામાં આવ્યું તે પ્રસંગે વાવોલ ગામના મહાકાળી માતાજીના મંદિરે સમગ્ર પટાંગણને દિપમાળાથી સજાવવામાં આવ્યું હતું તથા ભગવાન શ્રી રામની આરતી ઉતારી ભજન કિર્તનની રમઝટ જમાવવામાં આવી હતી. વરસતા વરસાદી ઝરમરિયાં વચ્ચે આ કાર્યક્રમમાં સ્વામી વિવેકાનંદ વિકાસ સમિતિના પ્રમુખ શૈલેષભાઈ પટેલ તથા દિલીપસિંહ ગોલ, ઉપરાંત કમિટીના સભ્યો કચરાજી ગોલ, રાજેન્દ્રસિંહ ચાવડા, ઘનશ્યામસિંહ ગોલ, મહિપતભાઈ, લાલભાઈ, છાયાબેન સહિત કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# દિવા તળે અંધારું : ગાંધીનગર સિવિલ હોસ્પિટલ પાસે ફાયર એનઓસી નથી

ગાંધીનગર, તા.૬

અમદાવાદની નવરંગપુરા ખાતે આવેલી શ્રેય હોસ્પિટલના આઈસીયુ વિભાગમાં અચાનક મધ્યરાત્રીએ ભભુકી ઉઠેલી આગમાં ૮ દર્દીઓએ જીવ ગુમાવ્યો છે. ત્યારે શ્રેય હોસ્પિટલના બનાવને પગલે ગાંધીનગરના નેતાઓ અને અધિકારીઓ પણ સફાળા જાગ્યા હતા. ગાંધીનગરના ડે. મેયર નાઝાભાઈ ઘાંઘર અને ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર પણ ગાંધીનગર કોવીડ હોસ્પિટલ ખાતે દોડી આવ્યા હતા. સિવિલ તંત્રના અધિકારીઓ સાથે નવી બિલ્ડીંગમાં તેમજ આઈસીયુમાં રાઉન્ડ મારી જરુરી ચકાસણી કરી હતી.જયારે ગાંધીનગર સિવિલ હોસ્પિલટમાં અગ્નિશામક સાધનો છે પરંતુ નવા નિયમ પ્રમાણે સ્પ્રિન્કલર, ડિટેકશન અને એલાર્મ સિસ્ટમ કાર્યરત નહી હોવાથી ગાંધીનગર ફાયર વિભાગ દ્વારા સિવિલ તંત્રને એનઓસી આપવામાં આવ્યું નથી. ગાંધીનગર હોસ્પિટલમાં કોવીડ દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. ત્યારે સિવિલ પાસે ફાયર એનઓસી નહી હોવાથી સિવિલમાં સવારથી જ ધમધમાટનો માહોલ જોવા મળ્યો હતો. સિવિલના સત્તાધિશો ફાઈલો લઈને એનઓસી લેવા માટે દોડાદોડી કરતા નજરે પડ્યા હતા.

સુરત શહેરમાં એક અગાઉ ખાનગી ટ્યુશન કલાસીસની ભયાનક આગમાં વિદ્યાર્થીઓ આગની લેપટમાં આવી મૃત્યુને ભેટ્યા હતા. ત્યારે આ ગોઝારી ઘટનાના ઘેરા પ્રત્યાઘાતો સમગ્ર રાજયભરમાં પડ્યા હતા. ત્યારબાદ સરકારી અને ખાનગી એકમો, હોટલ-રેસ્ટોરન્ટ, શાળા-કોલેજ, હોસ્પિટલ, ટયુશન કલાસીસ, જીમ સહિતના સ્થળો પર જરુરી અગ્નિશામક સાધનો વસાવવા અને તેની ચકાસણી બાદ જ તે એકમને ફાયર એનઓસી આપવા સરકાર દ્વારા કડક નિયમ બનાવ્યા હતા. આ દરમિયાન થોડા સમય માટે રાજયભરમાં ફાયર એનઓસીનો ધમધમાટ જોવા મળ્યો હતો. તે સમયે ફાયરના નિયમોનું પણ પાલન થતુ હતું. પરંતુ સમય વિતી જતા સરકાર અને ખાનગી એકમો ફાયરના નિયમો ભુલી ગયા હતા. પરંતુ અમદાવાદની શ્રેય હોસ્પિટલમાં લાગેલી આગ અને ૮ દર્દીઓના મૃત્યુને પગલે ફરીવાર સ્થાનિક તંત્ર સફાળુ જાગી ગયું છે. ત્યારે સ્થાનિક પ્રશાસને સવારથી સરકારી હોસ્પિટલ અને ખાનગી હોસ્પિટલ સહિત ખાનગી એકમોમાં ચકાસણી હાથ ધરી હતી. ગાંધીનગર મેયરની સુચનાને પગલે પાટનગરની કોવીડ હોસ્પિટલમાં ડે.મ્યુ.કમિશનર અને ડે.મેયર દ્વારા ચેકીંગ હાથ ધરાયું હતું. સિવિલના અંતરંગ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ ગાંધીનગર કોવીડ હોસ્પિટલમાં ૧૫૦ થી વધુ દર્દીઓ સારવાર લઈ રહ્યા છે, તેમજ સ્ટાફના કર્મચારીઓ કામગીરી કરી રહ્યા છે તે સિવિલમાં જ ફાયર એનઓસી નહી હોવાથી તંત્ર દ્વારા તપાસ હાથ ધરાઈ હતી. સિવિલ પાસે ફાયર એનઓસી તો નથી પરંતુ ફાયર વિભાગ કે કોર્પોરેશનનું નો ઓબ્જેકશન સર્ટીફિકેટ પણ નથી. ફાયર વિભાગ દ્વારા સિવિલને ફાયર એનઓસીને લઈને અનેકવાર નોટીસ પણ આપવામાં આવી છે. જેથી કોર્પોરેશના અધિકારીઓએ સિવિલ તંત્રને એનઓસી મેળવવા માટે સુચના આપતા જ સિવિલના ઉચ્ચ અધિકારીઓ ફાયર વિભાગની ફાઈલો લઈને દોડતા નજરે પડ્યા હતા. ફાયર વિભાગનું એનઓસી લેવા માટે સિવિલ તંત્રએ ફરીવાર અરજી કરી છે. સિવિલ કેમ્પસમાં ઓપીડી, નવી બિલ્ડીંગ, કોલેજ, હોસ્ટેલ સહિતના સ્થળ પર ફાયરના જરુરી સાધનો છે, સિવિલ પાસે જરુરી ફાયર સ્ટાફ અને ફાયર એક્ષટીંગ્યુશર પણ છે. પરંતુ તંત્રના નવા નિયમ પ્રમાણે સ્પ્રિન્કલર, ડિટેકશન અને એલાર્મ સિસ્ટમ કાર્યરત નથી તેમજ જરુરી ક્ષતિઓ દુર નહી કરી હોવાથી ગાંધીનગર સિવિલ હોસ્પિટલને ફાયર વિભાગ દ્વારા એનઓસી આપવામાં આવી નથી. જેને પગલે સિવિલમાં સવારથી સાંજ સુધી ફાયર એનઓસી મુદ્દે ચહલપહલ જોવા મળી હતી. સિવિલમાં ફાયરને લગતી જરુરી સુવિધા કાર્યરત કરીને ક્ષતિઓ દુર કર્યા બાદ ફાયર વિભાગ દ્વારા એનઓસી આપવામાં આવશે.




### ગાંધીનગર ફાયર વિભાગે હોસ્પિટલમાં ચેકીંગ હાથ ધર્યું

ગાંધીનગર, તા.૬

**અમદાવાદની શ્રેયા હોસ્પિટલમાં લાગેલી આગમાં ૮ દર્દીઓએ જીવ ગુમાવ્યો છે. હોસ્પિટલના આઈસીયુ વિભાગમાં રાત્રીના ૩ વાગ્યાના અરસામાં આગ ભભુકી ઉઠી હતી. જેમાં કોવીડની સારવાર લઈ રહેલા ૫ પુરુષ અને ૩ મહિલા દર્દી આગની લપેટમાં આવી ગયા હતા. આ બનાવને ગાંધીનગર ફાયર વિભાગની ટીમે પણ ગાંધીનગરની કોવીડ સહિત વિવિધ હોસ્પિટલ તેમજ કલીનીકમાં ચેકીંગ હાથ ધર્યુ હતું. ફાયર વિભાગના અધિકારી-કર્મચારીઓએ ગાંધીનગર સિવિલ હોસ્પિટલ, આશ્કા હોસ્પિટલ, એસએમવીએસ, ગાયત્રી, શાશ્વત, સહિત ખાનગી કલીનીકમાં પણ ફાયરને લગતી કામગીરીની ચકાસણી કરી હતી. ફાયર વિભાગના કર્મચારીઓ ટીમ બનાવી સવારથી જ કામગીરીમાં જોડાઈ ગયા હતા.**

## વંદે ગુજરાત ચેનલ ઉપર આઈ.સી.ડી.એસ. સેટકોમ કાર્યક્રમનું પ્રસારણ ઓગષ્ટ માસના દર સોમવાર અને મંગળવારે

ગાંધીનગર, તા.૬

મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા વંદે ગુજરાત ચેનલ ઉપર આઈ.સી.ડી.એસ સેટકોમ કાર્યક્રમનું પ્રસારણ કરવાનું સુચારું આયોજન કરવામાં આવ્યું છે.

આઈ.સી.ડી.એસ.ની વિવિધ યોજનાઓ અને કાર્યક્રમો વિશેનું માર્ગદર્શન ગ્રામ્ય કક્ષા સુધી દરેક વ્યક્તિને મળી રહે તેવા ઉમદા આશયથી આ કાર્યક્રમનું પ્રસારણ કરવામાં આવશે. જેમાં જુદા- જુદા વિષયો ઉપર કાર્યક્રમ તૈયાર કરીને જીવંત પ્રસારણ કરવામાં આવશે. આ સમગ્ર કાર્યક્રમ સામાન્ય વ્યક્તિ સમજી શકે તેવી સરળ ભાષામાં તૈયાર કરવામાં આવ્યો છે. ઓગષ્ટ – ૨૦૨૦ ના માસમાં તા. ૧૦,૧૭,૨૪ અને ૩૧ ને સોમવારના રોજ બપોરના ૨.૦૦ થી ૩.૦૦ કલાક દરમ્યાન પૂર્વ પ્રાથમિક શિક્ષણ વિષયનું માર્ગદર્શન અપાશે. તેમજ તા. ૦૪, ૧૧, ૧૮ અને ૨૫ ને મંગળવારના રોજ બપોરના ૨.૦૦ થી ૩.૦૦ કલાક દરમ્યાન પોષણ આરોગ્ય અને પૂર્ણા દિવસ વિષય ઉપર સેટકોમમાં કાર્યક્રમ રજૂ કરવામાં આવશે.

પૂર્વ પ્રાથમિક શિક્ષણમાં બાળકો માટે ઘરે મટીરીયલ હોય તેવા મટીરીયલથી છાપકામ, ઈનડોર ગેમ, બાળવાર્તા, બાળગીત, કાગળની (પેપરથી) અલગ- અલગ પ્રવૃતિ કરાવી વાલીઓ સાથે બાળકોએ કેવી રીતે વાતચીત કરવી તે પણ શીખવવામાં આવે છે. ચિત્રપોથી કલરકામનું માર્ગદર્શન પણ આપવામાં આવશે.

તમામ સી.ડી.પી.ઓ., મુખ્ય સેવિકા બહેનો અને આંગણવાડી કાર્યક્રમ બહેનો અને તેડાગર બહેનો નિહાળી શકે અને આંગણવાડીના બાળકોને પણ ઉપયોગી થઈ શકે તેવું એક નવીન પગલુ ભરીને આ સેટકોમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.



ગાંધીનગરમાં વરસાદ ભલે ન પડતો હોય પરંતુ વરસાદી પાણીના નિકાલ માટેની કામગીરી સૌને અડચણરૂપ બની રહી છે. થોડાક જ વરસાદમાં વરસાદી પાણીની પાઈપલાઈન બેસી ગઈ છે તો કામના કારણે કાઢી નાંખવામાં આવેલા સ્ટ્રીટલાઈટના થાંભલાઓના કારણે સેકટરોમાં ઘોર અંધારું છવાઈ જાય છે. આવી અધુરી કામગીરીના કારણે વસાહતીઓ રોષે ભરાયા છે.

## જિલ્લાની ખેતી વિષયક ધિરાણ કરતી સેવા સહકારી મંડળીઓ જોગ

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર જિલ્લા સબ રજિસ્ટ્રારશ્રી દ્વારા ખેતી વિષયક ધિરાણ કરતી સેવા સહકારી મંડળીઓને જણાવવામાં આવ્યું છે કે, ટુંકી મુદ્દત અને મધ્યમનું ધિરાણ તેમજ વસુલાત તથા સભાસદોની થાપણ વધારવા નાણાંકીય સહાય (સી.ઓ.પી-૫) આપવાની યોજના અમલમાં છે. જે માટે પ્રાથમિક ખેતી વિષયક ધિરાણ સેવા સહકારી મંડળીઓ કે જે છેલ્લા પાંચ વર્ષથી ધિરાણ કરેલ હોય, વસુલાત નિયમિત કરતી હોય, તેમજ ધિરાણ-વસુલાતમાં યોજનાના ઢાંચા મુજબ વધારો થયો હોય, તથા સભાસદ થાપણમાં વૃધ્ધિ થઈ હોય તે મંડળીને સહાય મળી શકે છે.

વધુમાં તેમણે જણાવ્યું છે કે, સી.ઓ.પી-૨૦/૭ કૃષિ ધિરાણ સહકારી મંડળીઓના અનુસુચિત જનજાતિ/અનુસુચિત જાતિના સભ્યોને શેરમુડી સહાય આપવાની યોજના પણ અમલમાં છે. જે ધ્યાને લઈને જરૂરી પાત્રતા ધરાવતી મંડળીઓએ તાત્કાલિક સને-૨૦૧૫-૧૬ થી સને-૨૦૧૯-૨૦ સુધીના હિસાબો- તારીજ, નફા-નુકશાન ખાતુ, વેપાર ખાતુ, સરવૈયા, સાથે જિલ્લા રજિસ્ટ્રારશ્રીની કચેરી, સહકારી મંડળીઓ, સહયોગ સંકુલ, બી-વીંગ, છઠ્ઠો માળ, સેક્ટર-૧૧, ગાંધીનગરનો સંપર્ક કરવાનો રહેશે. તેમજ વધુ માહિતી માટે કચેરીનો ફોન નં- ૦૭૯ ૨૩૨૫૫૬૦૬ પર સંપર્ક કરવા જણાવ્યું છે.

# સે-૧૫ના ફતેપુરામાં માર્ગો પર દૂષિત પાણીથી નાગરિકો ત્રાહિમામ..!!

**ઘણા સમયથી મહાકાળી મંદિર પાસે ગટર ઉભરાવવાની સમસ્યા : વારંવાર રજૂઆતો છતાં સમસ્યાનો કાયમી ઉકેલ લાવવામાં તંત્ર ઉદાસીન : રોગચાળો ફાટી નીકળવાની દહેશત વચ્ચે રહીશોનું આવાગમન પણ મુશ્કેલ બન્યું**

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર શહેરની મધ્યમાં સેકટર-૧૫માં સમાવિષ્ટ ફતેપુરા ખાતે છેલ્લાં ઘણા સમયથી ગટરનું પાણી ઉભરાઈને માર્ગોપર ભરાવાની સમસ્યા રહીશોને સતાવી રહી છે. આ સમસ્યા અંગે સ્થાનિક રહીશો દ્વારા અનેક વાર રજૂઆતો કરવા છતાં તેનો કોઈ ઉકેલ આવતો નથી અને બીજી તરફ ચોમાસાની ઋતુ તેમજ કોરોના મહામારી જેવો રોગચાળાનો સમયગાળો ચાલી રહ્યો હોવાથી આ વિસ્તારમાં પણ નાગરિકોના આરોગ્ય માટે આ સમસ્યા ખતરારૂપ બને તેવી સ્થિતિ સર્જાવા પામી છે.

સેકટર-૧૫માં સમાવિષ્ટ વાવોલનું પરું ફતેપુરા ખાતે ભાગોળ વિસ્તારમાં મહાકાળી માતાજીના મંદિર પાસે લાંબા સમયથી ગટર ઉભરાવવાની સમસ્યા સર્જાઈ રહી છે. આ સમસ્યાને કારણે ફતેપુરાના માર્ગો પર વગર વરસાદે ગંદા પાણીની નદીઓ વહેતી હોય અને તળાવ ભરાયાં હોય તેવી સ્થિતિ જોવા મળે છે. ફતેપુરાના આ વિસ્તારના તમામ માર્ગો ગટરના દૂષિત પાણીથી ભરાઈ જવાને કારણે નાગરિકોનું આવાગમન પણ મુશ્કેલ બની રહ્યું છે અને દુર્ગંધયુકત પાણીના કારણે આ વિસ્તારના રહીશો માટે ત્રાસદાયક સ્થિતિ સર્જાવા પામી રહી છે. આ સમસ્યા અંગે જયારે સ્થાનિક સુવિધા તંત્રને જાણ કરવામાં આવે છે ત્યારે તેના સ્ટાફ દ્વારા આવીને હંગામી ધોરણે ગટરને ખાલી કરવામાં આવે છે પરંતુ ગટરમાં ભરાયેલા કાદવ કિચડ સહિતના ભરાવાને વેકયુમ મશીન લાવીને ઉલેચવામાં આવતો નથી જેથી આ સમસ્યા બે ત્રણ દિસમાં ફરી ઉભી થઈ જાય છે. આ સ્થિતિમાં દૂષિત પાણીનો ભરાવો થવાથી આ વિસ્તારમાં રોગજન્ય જીવાણુઓ માખી-મચ્છર વગેરેનો ઉપદ્રવ વધી જવા પામ્યો છે અને નાગરિકોના આરોગ્ય માથે ગંભીર ખતરો તોળાઈ રહ્યો છે. જેના કારણે રોગચાળો ફાટી નીકળવાની દહેશત સેવાઈ રહી છે. આમ પણ એક તરફ કોરોના મહામારી ચાલી રહી છે અને બીજી તરફ ઋતુજન્ય બિમારીઓ પણ વકરી રહી છે ત્યારે આ સમસ્યાનું સત્વરે કાયમી સમાધાન તંત્ર દ્વારા કરવામાં આવે તેવી આ વિસ્તારના રહીશોમાં માંગ ઉઠવા પામી છે.



## ચિરવિદાય

- સ્વ. ખોડાભાઈ હરગોવિંદભાઈ પટેલ, ઉ.વ. ૮૭, નવા કોબા, ગાંધીનગર
- સ્વ. રાઠોડ ઉમાકાન્ત ત્રીકમલાલ, ઉ.વ. ૭૪, સેકટર-૨૦, ગાંધીનગર
- સ્વ. શાંતાબેન વરૂભાઈ વણકર, ઉ.વ. ૮૫, મુ. કોલવડા, તા. ગાંધીનગર
- સ્વ. શાહ દિલીપભાઈ ચંદુલાલ, ઉ.વ. ૬૯, નારણપુરા, અમદાવાદ
- સ્વ. વાઘેલા કેશરબા ઘનશ્યામસિંહ, ઉ.વ. ૫૭, મુ. પીંડારડા, તા. ગાંધીનગર
- સ્વ. પટેલ દિનેશભાઈ કાનજીભાઈ, ઉ.વ. ૬૯, વિસનગર, જી મહેસાણા
- સ્વ. મરાઠા કુંદનબોન કમલેશભાઈ, ઉ.વ. ૮૦, સેકટર-૧૧, ગાંધીનગર